# NUTAN SAURASHTRA

PROMINENT NATIONALIST GUJARATI DAILY..

Phones : Rajkot Office : 223
" " : 1346
Bombay Office: 535520

Grams : NUTAN

POST BOX NO. 85, RAM NIVAS, SADAR BAZAR, RAJKOT.

Sole Advertising Agents : NUTAN SAURASHTRA ADVERTISERS.


Mr. Desai

5879

28th September 67.

Shri M. R. Masani, M.P.,
Swatantra Party Central Office,
143, Mahatma Gandhi Road,
Bombay.

Dear Sir,

We are pleased to send you our Sunday Supplement dated 24th September 1967 in which we have carried out a special article. We will be interested to know your views on the subject.

As such we request you to send us your views at your earliest.

Thanking you,

Yours faithfully,
For Nutan Saurashtra,

Manager.

HJR/cmc.

RECEIVED
- 9 OCT 1967
No. 6068

Dr Rajni
Pl ack in my absence on leave.
9/10/67

Re. Letter from Neeta Samartha.

There are three articles and I do not know which article he means

(I) Is it proper the way the memorials to Gandhi - Nehru - and Shastri are being constructed

II Is it possible for trade and industries to make profits without breaking laws

III Will China try to increase its prestige by attacking India

# નૂતન સૌરાષ્ટ્ર


### ગાંધી - નહેરૂ - શાસ્ત્રીની

# સમાધિ જે રીતે ઉભી થાય છે તે યોગ્ય છે?

## મુગલાઈ મકબરાઓની હરિફાઇ કરે તેવું સમાધિનગર રચવું યોગ્ય નથી

દિલ્હીની મુલાકાત લેતા કોઇ પણ હિંદી નાગરિકને પાટનગરમાં વધતી જતી સરકારી કચેરીઓ કચેરી માટેના ભવ્ય મહાલયો, જમનાનાં કાંઠે વધી રહેલી સમાધિઓ, અને ભપકા ભારતની આજની સ્થિતિમાં આશ્ચર્ય કારક અને ભારતની જરૂરિયાત, સંસ્કૃતિ અને પરિસ્થિતિ સાથે અસંગત લાગશે તે વિષે કોઇ શંકા નથી

જ્યાં જ્યાં વહીવટીતંત્રો ભિકેહની શોભા વિહોણી કબર છે, તો દિલ્હીમાં બાદશાહ બેગમ જહાંઆરાની સાદી કબર પણ છે આ કબર પર જહાંઆરાની સુચના મુજબ લીલી ઘો ઉગાડવામાં આવી છે, બીજી કોઇ સુશોભન નથી.

આ કબર નગરની પડખે આપણે ઉભું કરી રહયા છીએ નવું સમાધિનગર !

રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીવર્ષના ઇતિહાસ સર્જાઇ ગયો પરંતુ ગાંધીજી, નહેરૂ કે લાલબહાદુર માટે જે સ્મારકો રચાઇ રહયાં છે તે આઝાદ ભારતને કે આ મહાપુરૂષો આ લોક પુરૂષોના સ્થાનને અનુરૂપ નથી આઝાદ ભારતના ઇતિહાસને ફારોહના પિરામીડ યુગમાં લઇ જવાનો આ પામર પ્રયાસ લાગે છે

જે ગાંધીજીએ જીંદગી આખી હવેલીઓ અને બંગલા છોડી આશ્રમો અને હરિજન કોલોનીમાં ગુજારી એ ગાંધીજીને જ્યાં અગ્નિ સંસ્કાર અપાય ત્યાં પિરામીડ હોય? બાપુને કદાચ કોઇએ આ પ્રશ્ન કર્યો હોત તો જેમ નુરજહાં અને જહાંઆરા પોતાની કબર સાદી રાખવા લેખીત સુચના મુકી ગયા હતા તેમ ગાંધીજીએ પણ 'સમાધિ' નહિ રચવા સુચના આપી હોત. નુરજહાંએ લખ્યુ હતું:-

## લોકનેતાઓને લોક હૈયામાંજ જીવવા દો તેમના સ્મારક રચવા હોય તો લોક કલ્યાણની

---

## ★ અસમાનતા

ક્રાંતિઓ ફરી ફરીને થતી રહે
વચન આપ્યું હતું. તે સમાન
ઉપરાંત સમ્યા પછી અસમાનતા

ક્રાંતિએ શિખવેલ પાઠ લાંબો
સામે કડવાશ જન્મી છે. મુડીપતિ
તેટલું ઓછું ચુકવશે. આપણે
જ્યારે કામદારો સત્તા પર આવે
કરે છે

માનવી માનવીનું શોષણ કરે
કરે, પરંતુ આપણા સમક્ષ શોષણ
રહેજ છે.

---

## કાનુની માગે
## કરી શકા
## કોઇ શકયતા

### વેપાર ઉદ્યોગને કાનુન
### પાડતા જંગલ તરફ સૌ

આપણને ગમે કે ન ગમે પરંતુ એ કડવું સત્ય છે કે દેશમાં આજે સૌથી વધુ જોખમી સ્થિતિ કાનુન અને વ્યવસ્થાની છે. સરકારે કરેલા કાનુનોનો ભંગ કોણ નથી કરતું ? એ તપાસવામાં આવે તો સ્પષ્ટ રીતે માલુમ પડશે કે સમાજનું કોઇ અંગ

# રવીવારની રંજન પૂર્તિ


## જતી નથી ★

છે, પરંતુ ક્રાંતિએ જેનું
સર્જાતી નથી. ક્રાંતિનો
હેજ છે.

ચાલ્યો અને તેના પરિ-
શોષણ ચાહે છે, તે બને
જાણીએ છીએ, પરંતુ
ત્યારે તેઓ પણ એજ


કે રાજય માનવીનું શોષણ
એક યા બીજા સ્વરૂપે

—કૃષ્ણમુર્તિ

## ર્કમાણી ય તેવી . ક્યાં છે?

### ભંગ કરવા ફરજ ની ઉપેક્ષા શા માટે?

રનો ફાયદો થાય તેમ હોય [
જે વર્ગે લોકોની ફરિયાદોને
યા આપવાની છે, જેણે વહી-
તંત્ર પર આ રીતે અંકુશ
મવાનો છે એ વર્ગની સામુ-
ક વલણ આવી છે, અને તેમ
આપણા વેપાર ઉદ્યોગો વિક-



## હિંદ પર ફટકો મારી પોતાની

# પ્રતિષ્ઠા ઉભી કરવા ચીન સંઘર્ષ કરશે!

### આંતરવિગ્રહથી ગયેલી આબરૂ બચાવવા જોખમી માર્ગ અખત્યાર કરનારૂં ચીન

## સસ્થાઓ ઉભા કરો

કામ કરે છે ત્યાં સરકારી અધિકારીઓ મદદનીશો વધારી પોતાની બઢતી માટે પ્રયત્નો કરે છે. પરંતુ દિલ્હીમાં તો માત્ર મદદનીશો નહિ, પરબારા ખાતાં જ વધતા રહે છે. ભારત મદારી અને જાદુગરોનો દેશ છે તેવી વિદેશોમાં જે સમજ છે તે ઘણાં હિંદી નાગરિકો આગેવાનોમાં રોષ વધારે છે પરંતુ તેઓનો રોષ ખોટો છે, જાદુગરો અને મદારીઓ વહીવટી તંત્રમાં અધિકારી પદે બેઠા છે.

વિદેશોમાં એમ મનાય છે હિંદી જાદુગરો હવામાં દોરડાને જાદુથી સડસડાટ ઉભા કરી દે છે. જ્યારે આપણા "કુશળ" અને "કાર્યક્ષમ" વહીવટમા અધિકારીઓ પાસે ખબર નહિ કયો જાદુઇ ચિરાગ છે કે તેનો જીન રાતોરાત નવા ખાતાં ઉભા કરી દે છે, અને આ નવા નવા ખાતા માટે નવી નવી ભવ્ય ઇમારતોના હજીરા ખડકાતા જાય છે.

સચિવાલયના "નોર્થ બ્લોક" "સાઉથ બ્લોક"ની વિશાળ ઇમારતો ઓછી હતી તેમ આયોજન ભવન, ઉદ્યોગ ભવન, રેલ્વે ભવન, જેવા કઇક કચેરી નગરો ઉભા કરાયા છે. આ ઇમારતો જેની પાસે ડાબીયાર ગણાય તેવી રવિન્દ્ર ભવન જેવી ભવ્ય ઇમારત નાટ્ય કલા અકાદમી માટે બંધાઇ છે. તો નર્તન કલા માટે એવીજ બીજી ભવ્ય ઇમારત બાંધવા વિચારાયુ હતું.

દિલ્હીની વિશેષતા એ છે કે તે પાટનગર ઉપરાંત કબરોનું નગર હતુ અને આઝાદી પછી આપણે દિલ્હીને સમાધિનગર બનાવી રહ્યા છીએ! દિલ્હીમાં મુગલીયા યુગના સુવર્ણકાળમાં બંધાયેલો લાલકિલ્લો અને જુમા મસ્જીદ છે, તો હુમાયું જેવા શહેનશાહનો મકબરો છે આ મકબરાના એક ખુણે [illegible] જહાંના [illegible] પટી [illegible]

જીના જ્યાં અગ્નિસંસ્કાર કરાયા તે સ્થળ પર સમાધિ રચી રાજઘાટનુ નામ અપાયું છે. રાજઘાટ પર ભવ્ય ઇમારત રચવા હજારો ચોરસવાર જમીનમાં બાંધકામ થઇ રહયું છે!

રાજઘાટની બાજુમાં કેટલાય એકર જમીન રોકી જ્યાં સ્વ. શ્રીનહેરૂની 'અંતિમ વીધી થઇ હતી ત્યાં "શાંતિ વન" ઉભું કરાયું મોટો ખર્ચ કરી એકરોમાં પથરાયેલ 'શાંતિવન' વિકસાવાઇ રહયું : છે.

'શાંતિવન' પાસે જ્યાં સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રીનીઅંતિમ ક્રિયા થઇ હતી ત્યાં 'વિજયઘાટ' રચાયેલ છે 'વિજયઘાટ' પર પણ મોટો ખર્ચ કરી ભવ્ય ઇમારતો ઉભી કરવાની યોજના છે!

ગાંધીજી નહેરૂ અને લાલબહાદુર જેવા નેતાઓની સ્મૃતિઓ આ સમાધિઓ સાથે સંકળાયેલી હોઇ કોઇપણ હિંદીને ખુંચે તેવી આ યોજના હોવા છતાં લોકો ખામોશ રહેવું પસંદ કરે છે ભારતના અનાદિ કાળથી ચાલ્યા આવતા ઇતિહાસમાં કોઇ વ્યકિતઓ માટે આવી સમાધિ ઉભી કરાઇ હોવાનું નોંધાયું નથી વ્યકિતની આવી સમાધિ ભારતની પ્રણાલી કે ભારતીય સંસ્કૃતીને અનુરૂપ નથી!

ગાંધીજી, નહેરૂ જેવા લોકનેતાઓ માટે આવી સમાધિ કે આવી વિરાટ ઇમારતો ઉભી કરવાનો નિર્ણય ઇજીપ્તમાં ફારોહ માટે ઉભા કરાયેલા પિરામીડોની યાદ આપે છે! ફારોહના પિરામીડ હોય, શહેનશાહોના માટે મકબરા હોય લોકનેતાઓ માટે પિરામીડો, મકબરા કે મકબરા સમી સમાધિઓ ન હોય વિક્રમ કે ભોજની કયાંય સમાધિ નથી બુધ્ધ મહાવીર કે શંકરાચાર્યની કયાંય સ્મૃતિ નથી.

–પણ આ મહાત્મા–રાજપુરૂષો કે મહાત્મા સંત–તિર્થંકર માટે ભૌતિક સ્મારકો ન હોય, તેમની સ્મૃતિ તો લોકહૃદય સિંહાસન પર [illegible] હોય છે ફારોહના પિરામિડો પર્ણનો હજારો

અર મઝા [illegible] માગરા બન
નાન ચિરાગાન નાન ગુલાઇ
નાઇ પર્વન સો ઝી શ
નાન સાદઇ બુલ્બુઝાઈ.

–મારી અજ્ઞાતની કબર પર દીપ પ્રગટાવતા નહિ કે તેની પાસે પુષ્પ ઉગાડતા નહિ, જેથી કોઇ પત ગિયાની પાંખ જલે નહિ કે કોયલનો મધુર અવાજ સંભળાય નહિ.

તિલક: ટાગોર કે સરદારકોઇ ઘાટ કે કોઇ વન, કે કોઇ સ્મૃતિ વગર લોક સ્મૃતિ અને લોક હૃદયમાં જીવે છે.

ગાંધીજી, નહેરૂ કે શાસ્ત્રી માટે ભવ્ય ઇમારતોના 'ઘાટ' કે 'વન' ઉભા કરવાના પ્રયત્નો આ મહા પુરૂષોની સાદાઇ અને તેમની દેશ માટેની લાગણીનો અનાદાર કરવા જેવું છે.

ગાંધી કે નહેરૂ લોક નેતાઓ હતા તેમની સ્મૃતિમાં કેળવણી સંસ્થાઓ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ સંશોધન કેંદ્રો રચી શકાય આ લોકનેતાઓને લોકહૈયામાં લાગણીની ઉષ્માથી ધબકતી સ્મૃતિઓમાં જીવવા દો, આ નેતાઓને ભવ્ય ઇમારતોમાં 'દફન' ન કરો!

જે શાહજહાંએ કર્યું તે કરવાનો ખ્યાલ આપણા તંત્ર વાહકોએ છોડી દેવા જોઇએ તેઓ આ લોક નેતાઓને વામણા બનાવી રહ્યા છે.

–અને ભારતના વડાપ્રધાનો માટે આ રીતે 'વન' કે 'ઘાટ' ઉભા કરાતા રહેશે તો આવતા થોડા દશકાઓમાં યમુનાનો સાગર કાંઠો આવા 'વન' 'ઘાટ' કે સમાધિથી રોકાઈ ગયો હશે અને દિલ્હીમાં જુનું દિલ્હી નવું દિલ્હી, પુરાના કિલ્લા અને કુતુબમિનારા ઉપરાંત એક 'સમાધિનગર' ઉભુ થઇ જશે.

ગાંધી અને નહેરૂ ભારતમાં મુગલાઇ લાવવા માગતા ન હતા, તેઓ તો અંગ્રેજની મુગલાઇ સામેના બંડખોર હતા આવા ક્રાંતિનેતા–લોકનેતાઓને 'સમાધિ'માં પિરામીડમાંકેદ કરવાના પ્રયત્નો કરી તેમને અપમાનીત નથી કરાતા?

–આપણા સંસદ સભ્યો અને અન્ય આગેવાનો આ વિષે જાગૃત થઇ કાંઇ કરશે?

[illegible] રીતે કાનુન ભંગ કરવું ન હોય!

દેશને સુધારવાના વધુ પડતા ઉત્સાહમાં, સંપતિનું તાત્કાલીક વિકેન્દ્રીકરણ કરવાના પ્રયાસોમાં કાનુનોનું એવું જંગલ ઉભું થઇ ગયું છે કે સીધી લીટીએ ચાલવા જનારાએ અટકી પડવું પડે તેમ છે, કાનુનોનો ભંગ ન થાય એ રીતે જીવવા જાય તો દેશના કઇક કારખાના, વેપાર બંધ પડી જાય તેમ છે, તેમાં શંકા નથી.

મારા એક વકીલ મિત્રે કહ્યું છે કે 'આ દેશમાં કાયદેસરના કોઇ ધંધા કરી પૈસા કમાઇ શકાય તેમ નથી. પૈસા કમાવા હોય તો ગેરકાનુની માર્ગો માણસે અપનાવવા જ પડશે તેમાં કોઇ શંકા નથી.' આ ચિત્ર સંભવ છે કોઇને બહુ નિરાશાજનક લાગે પરંતુ વાસ્તવિકતાની વધુને વધુ નજીક કોઇ ચિત્ર હોય તો તે ચિત્ર જ આ છે, આ ચિત્રને સમજવા દેશના કેટલા રાજકિય પક્ષોના પ્રયાસો છે? સરળતા ઉભી કરવી જોઇએ એમ માનનારા કેટલા રાજકીય કાર્યકરો? આપણા સામાન્ય જીવનના સૌથી વિકટ એવા આ પ્રશ્ન તરફ વહીવટી કર્તાઓ, અને કોંગ્રેસ સહિત અન્ય રાજકિય પક્ષો સરખા ઉપેક્ષા સેવે છે.

ઔદ્યોગીક તેમજ વેપારી ક્ષેત્રો માટે કેવા કાનુન કરવા જોઇએ? આજે જે કાનુની ગુંચો છે તેને સરળ બનાવવા શું કરવું જોઇએ? એ સમજવા માટે કયા રાજકીય કાર્યકર કે કોણ રાજકિય પક્ષ તૈયાર છે?

સૌ કોઇ ફેરફાર માટે તાજ માગણી કરવા માગે છે કે જે તેમ કરતાં તેમને એક યા બીજા

---

## શા માટે ?

સંભવ છે સુર્યનો પ્રકાશ અને વરસાદની મહેર પ્રમાણિક અપ્રમાણિક બન્ને પર સરખા વરસે છે, પરંતુ શા માટે અપ્રમાણિક પાસે સારી છત્રી અને રેઇનકોટ હોય છે?

વિકાસના પ્રશ્નો વિચિત્ર છે. આ માલ, નાણાં, પાકો માલ ંચવા બજારો શોધવા—આ પ્રશ્નો રા પણ નાના—સુના નથી. ક્યાંય ુ ગોથું ખવાઇ જાય તો પાર–ઉદ્યોગોનું અસ્તિત્વ જોખ- ાય જાય તેવા જોખમી આ ્નો છે.

દેશની આજની જરૂરિયાત પી વિકાસની છે ત્યારે કાયદા નુનોનું જંગલ વિકાસમાં મોટા વરોધરૂપ બની રહે છે તેમાં ંકા નથી. વિકાસનો વેગ વધા- ો હોય તો કાનુનોના જંગલને વસ્થિત વનરાઇમાં ફેરવી, ુની માર્ગે કામ કરવા માગતા ો કામ કરી શકે તે માટે વસ્થીત માર્ગો અને કેડી ઉભા ા જોઇએ.

રાજકીય પક્ષો કે કાર્યકરોએ ત લાભ લક્ષમાં રાખી આ ન તરફ ઉપેક્ષા સેવવી ન ોઇએ. દેશના રાજ્યના કે લાના હિતમાં તંદુરસ્ત વલણ નાવી કાનુનના આ જંગલમાં ્થી પરિસ્થિતી સમજી વાસ્ત- ે અને વ્યવહારૂ ઉકેલ શોધવા સોનો આરંભ કરવો જોઇએ.

કાનુની માર્ગે કોઇ વિકાસ ા માગતું હોય તો તે માટે ાકાશ ઉભો કરવો જોઇએ. જો નહિ બને તો કાનુનોનું જંગલ ુન ભાંગતા સમાજનું સર્જન ી ભુતાવળ બની જશે તે વીષે ુ શંકા નથી.

લે. વાસ્તવવાદી

# ઉત્તર સીમા પર ચીન અથડામણ ચાલુ રાખશે

નાથુલા ઘાટ પર ચીને જે આક્રમણ પ્રગતિ કરી હતી તે નાથુલા વિસ્તારમાંના ચીની સૈન્ય સૈનીકોનો સંપુર્ણ ઘાટ ઘડનારી પુરવાર થઈ ગઇ અથડામણમા ચીની સેનાપતિ માર્યો ગયો ચીનાઓની જબરી ખુવારી થઇ અને ચીની છાવણી એક પુલ વગેરે હિંદી ગોલંદાજે એ ખતમ કર્યા છે આ અથડામણ "સ્થાનિક" ગણી દિલ્હી ચીની અને દિલ્હીના રાજનૈતિક વર્તુળો નિરાંતને શ્વાસ ખેંચી રહ્યા છે દિલ્હી ચીની હિલચાલ વિષે જાગૃત છે એ સારૂ છે. આ બનાવને માત્ર "સ્થાનિક" માનવામાં જબરી ભુલ થાય છે.

સીકકીમ અને ભુતાન લશ્ક- રી અને રાજનૈતીક રીતે ભાર- તની સંપુર્ણ અસર નીચે છે ચીનને આં ગમતુ નથી ચીન સીકકીમ અને ભુતાન બંન્નેને પોતાની અસર નીચે લાવવા ઇચ્છે છે સીકકીમના નાથુલા ઘાટ ખાતે થયેલી અથડામણ અણધારી કે અચાનક થઇ ગયેલી અથડામણ નથી, ભારતની લશ્કરી તૈયારી સામનો કરવાનો ભાર- તનો નિર્ધાર કેવો છે એ નકકી કરવા માટેનું ચીનનુ આ "પ્રોબીંગ" હતું.

આ એક બનાવથી પ્રોબીંગ પુરૂં થઈ જતું નથી; આ બનાવ તો ચિનના નવા પ્રોબીંગના પ્રારંભનુ સુચન આપે છે. નાથુલા ઘાટ ખાતે થયેલી અથ- ડામણ ચિનનિ ઉંડી તૈયારી

## લે. એક અભ્યાસી

ઉંડી ગણતરીનો નિર્દેશ આપે છે

નાથુલા ખાતે ભારતે જો માર માર્યો હોત તો ભારતની લશ્કરી શક્તિ માટે તે માનસ શાસ્ત્રીય–'સાઇકોલોજી કલ' પ્રહાર હોત, ભારતની જગતમાં બદનામી

# બીજે ક્યાંય અથડામણ ઉભી કરવાની હિંમત નથી

થાત અને એ કરતાં પણ વધુ તો એ થાત કે ભારતની શક્તિ અંગે સીક્કીમ ભુતાનમાં ઉંડો અવિશ્વાસ જાગત અને ચીનની શક્તિનો ભય સીકકીમ ભુતાનના ભારત તરફના અવિશ્વાસને વધુ ઘેરો બનાવી જાત.

ભારતની ઉતરસીમા પર આમ લશ્કરી અને રાજનૈતિક ભંયકર કટોકટી ઉભી કરવાની ચીનની ધારણા હતી, હિંદી જવાનોના સામનાથી આ કટોકટી હાલ પુરતી તો નિવારી શકાઇ છે

પરંતુ ચીન હજી પોતાના પ્રયાસો છોડશે તેમ માનવામાં ભુલ થાય છે.

ચીનને આંતરવિગ્રહમાં ખતમ થયેલી પ્રતિષ્ઠાને પુર્નજીવન કરવા લશ્કરી વિજયની પ્રતિષ્ઠા જોઇએ છીએ. ચીન વિયેટનામમાં તો જઇ શકે તેમ નથી. ત્યા ચીન સાહસ કરવા જાય તો અમેરીકન વિમાની બોંબમારો, આજે ઉત્તર વિયેટ- નામ પુરતો મર્યાદિત છે તે ચીન ની ધરતી સુધી પહોંચી જાય.

ચીનની અણું શક્તિ હજી તો તૈયાર થઈ રહી છે ત્યાં અણુ મથક પર ત્રાટકવાના અખતરાન તક દેવા ચીન ઇચ્છતું નથી. બીજી બાજુથી રશિયા અને બહા- દુર મંગોલીયાની સીમા પર સશસ્ત્ર અથડામણો થતી રહે છે ત્યાં પણ ચીન ફાવતું નથી. અહિં ચીનનો સંપુર્ણ સામનો કરવા રશિયા અને મંગોલીયાએ નિર્ણય કરી લીધો છે. આ સ્થિ- તિમાં તેની નજર ભારતની લશ્કરી અને રાજકીય નિર્બળતા પર ફટકો મારી પ્રતિષ્ઠા હાંસલ કરવા પર છે.

પહાડી યુધ્ધો માટે ભારત તૈયાર ન હતું, રાજકિય નેતાગીરી લશ્કરી બાબતોમાં અજ્ઞાન છે, ભયગ્રંથિ હિંદની રાજકિય નેતા- ગિરીને અસ્થિર બનાવે છે એ હિંદી નિર્બળતા ચિનને ભારતની સીમાઓ પર સાહસ કરવા લલચાવે છે.


સીકકીમમાં માર ખાધા પછી ચિન પોતાનું 'પ્રોબીંગ' છોડી દેવાનું નથિ. ભારતની સીમા પર એકન્યા બીજા સ્થળે ચિન આ પ્રોબીંગ ચાલુ રાખશે તેમ માનવામાં લશ્કરી અભ્યાસીઓ કોઇ ભુલ કરતાં નથી.

આવતા થોડાં મહિના ભારતે ચીન સાથેની આળ અથડામણ નો સામનો કરવાં તૈયાર રહેવું પડશે. હિંદી સૈન્ય તૈયાર છે, તેની તૈયારી ચાલુજ છે, જરૂર છે નેતાગીરીએ હિંમતભર્યા નિર્ણ યો કરવા અને સામના માટે તૈયાર થવાની

☆

# દેવા ભક્તિ આપો મને

દેવા ભક્તિ આપો મને,
ભક્તિ આપો મને,
વિષયના સુખ થકી મન ઉથાપો,
કૃષ્ણ કરૂણા કરો કર મારો ગ્રહો,
મોહ માયા તણી જાળ કાપો.....દેવા
સુરવર મુનીવર સ્તુતી નિશદિન કરે
વેદ વાણીથી બ્રહ્મા વખાણે,
ભણે નરસૈંયો તે ધન્ય છે ધન્ય છે
જે ભક્તિરસ પુર્ણ પ્રેમે પ્રમાણે...દેવા



જાપાન જવા કોમાન્ટન' સૂચના મોકલી. મિયાગિને અન્ય ખર્ચ ઉપરાંત એક ડોલરની ખાસ નોટ અપાઇ, અને જાપાનમાં પ્રસિધ્ધ થતા "અડવર્ટાઇઝર'માં ટચુકડી જાહેરાતો જોતા રહેવા સૂચના અપાઇ.

મિયાગિ ટોકિયો પહોંચ્યો, અને સુચનામાં અપાયેલી તારીખ પછી તે 'અડવર્ટાઇઝર' જોતા થઇ ગયો. થોડા દિવસ પછી તેણે 'જોઇએ છીએ: યુકીયો...' નામે જાહેરાત જોઇ. સુચિત જાહેરાતના

ગર' માટે ઓર્ડર આપ્યો. નિયત થયેલ સુચના અનુસાર ઝાર્ગોએ હેમ્બુર્ગર ખાધું નહિ, ચા પણ અડધો કપ જ પી તેણે કહ્યું, વેઇટરને બોલાવી કહ્યું, ચા બરાબર નથિ કોફી લાવો.

વેઇટર ગયો કે તુરત જ પાસેના એક ટેબલ પરથિ ઉઠી એક પ્રવાસી ઝાર્ગોના ટેબલ પાસે આવ્યો અને અંગ્રેજીમાં કહ્યું, 'ક્ષમા કરજો, તમારું લાઇટર આપશો ?'

વધુ બુરું કરવા કરે છે.

★

સંસ્કારી માનવી આશ્ચર્ય સર્જવા મથતો નથી, પરંતુ બીજાના પ્રયત્નોથી આશ્ચર્ય પામે છે.

★

ઇટાલીની મુલાકાત લીધા પછી ઓર્સન વેલ્સે કટાક્ષમાં કહ્યું; ઇટાલી અદાકારોથી ભરેલ છે. પાંચ કરોડ સારા અદાકાર છે, પણ ફકત નબળા અને આવડત વગરના નાટ્ય અને ફીલ્મના તખ્તા પર છે!

## ...યરે' ઝાર્ગોની ...વાલ મેળવ્યો

# યુદ્ધ અને ક્રાંતિ અટકાવે છે!

## ...ગન ગોળો ...હારને ભવ્ય ...ફેરવી નાખે છે!

...નોંધાયેલો અદભુત બનાવ

...છાવણી પર ઉતરી આવ્યો.

સેનાપતિના તંબુ પર ચોકી કરતો સંત્રી ચિસ નાખી ધરતી પર સુઇ ગયો, આકાશમાંથી એક જબરી ઉલ્કા સુરંગ જેવા જબરા અવાજ-ધડાકા સાથે સેનાપતિ પાઇલો કેરટેલીવનોના તંબુ પર ખાબકી.

તંબુ સેં સરળ પડેલી જબરી ઉલ્કાએ ધરતીમાં દશ ફુટ ઊંડો અને પંદર ફુટના વ્યાસનો ગોળ ખાડો કરી દીધો સેનાપતિ કેરટેલીવનોનુ તુરત જ મરણ થયું તેનો ઓફિયાત બે દિવસમાં મરી ગયો પરંતુ મરતા પહેલા તેણે કહ્યું કે આકાશમાંથિ અગ્નિ ગોળો ઉતરી આવ્યો અને સેનાપતિના તંબુ પર પડી સેનાપતિને હત્યા કરી ગયો બીજા મંત્રિઓએ પણ અગનગોળો આકાસમાંથી આવ્યાની સાહદી આપી'

વિજેતા સેનાપતિ જનરલ પેન્સો કેરટેલીવનોના આવા અભુત

પુર્વમરણથી તેના સાથીઓ સંપુર્ણ પણે નાહિંમત થઇ ગયા. સૈનીકો પણ હતાશ થઇ ગયા. વડવાનલ જેમ બળવાખોર છાવણીમા હવા ફેલાઇ ગઇ કે ઇશ્વરને બળવો પસંદ કદી નથી, તેથિ પ્રભુએ અગ્નિ ગોળો ફેંકી બળખાખોર નેતાને ખતમ કર્યા છે!

અને વિજયના આરે ઉભેલો બળવો તો સંકેલાઇ ગયો,


સવાર પડી, નીચે બળવાખોરોના છેલ્લા પ્રહારની પ્રતિજ્ઞા કરતું સૈન્ય શરણે થવા નિર્ણય કરી બહાર નીકળ્યું, ત્યારે તોપો ગાજી નહિ, કોઇ ગોળીબાર થયો નહિ, સેનાપતિને આશ્ચર્ય થયું તેણે દુરબીનમાંડિ ટેકરી પર જોયું તો તેને આશ્ચર્ય થયું, ત્યાં કોઇ લડવાની તૈયારી ન હતી, ઉલ્ટુ સૈનીકો ઉચાળા ભરી રવાના થઇ રહ્યા હતા.

તેને આશ્ચર્ય થયું, તેણે છાવણી કબજે કરી, કોઇએ તેને રોક્યો નહિં આમ તેની નિશ્ચિત હાર ઝળહળતા રકતવિહીન વિજયમાં ફેરવાઇ ગઇ.

વિજેતાએ તપાસ કરી, તેને પણ 'અગન ગોળા' વાળીવાત આશ્ચર્યચકિત કરી ગઇ. તેણે સેનાપતિ પાયેલોકેરટેલીવનોના

તંબુમાં જે ખાડો પડી ગયો હતો તેમાં સૈનીકને ઉતારી તપાસ કરી તો તેમાંથી ઉલ્કાના ટુકડા મળી આવ્યા!

આમ આસ્માની સુલતાની દરમ્યાનગીરી યુધ્ધનો ફેંસલો આપતી બની ગઇ. પશ્ચિમના ઇતિહાસમાં આવો તો આ એકજ બન નોંધાવાયો છે.



## સ્વપ્નું તો હતુંજ!

એક ઇન્ટરવ્યુમાં એક યુવાનને પુછાયું કે, 'આ ઇજનેરી કારખાનામાં તે શા માટે જોડાવા માગે છે?'

'મારા પિતા પણ આ કારખાનામાં કામ કરે છે.

યુવાને કહ્યું, 'તેમની જેમ બઢતી મેળવી બે પાંદડે થવાનું મારું સ્વપ્ન છે.'

'તમારા પિતા બે પાંદડે થયા?' પુછનારે કહ્યું:

'તે શ્રીમંત ભલે ન થયા.' યુવાને શાંતિથી જવાબ આપ્યો, 'પણ તેમને સ્વપ્નું હતું જે હું પાર પાડીશ,'

'મારા પાસે લાઇટર નથિ, માચીસ છે'

આંગતુકે માચીસ લીધી અને કહ્યું, 'આપ સીગારેટ લેશો!'

'કઇ છે?' ઝાર્ગોએ પુછ્યું, 'જાપાની અને ઇંગ્લીશ બન્ને છે' આંગતુકે કહ્યું.

'મને ઇંગ્લીશ સીગારેટ આપો' ઝાર્ગોએ કહ્યું.

બન્ને વચ્ચે ઓળખાળ નક્કી થઇ ગઇ.

બન્નેએ થોડીવાર વાતચીત કરી લટાર મારવા કરવા જવા બીજા દિવસનો સમય નક્કી કર્યો. બીજા દિવસે બન્ને ફરવા ગયા ત્યારે ઝાર્ગોએ જાપાનમાં જાસુસીની શકયતા અંગેના પોતાના મંતવ્યો અને જાપાનના રાજકારણની પશ્ચાદ ભુમિકા સ્પષ્ટ કરતુ લખાણ મોસ્કોના કેરિયરને આપ્યું.

આ સમે કેરિયરે ઝાર્ગોની જાસુસી જાળના ખર્ચ માટેની રકમનું કવર ઝાર્ગોને સુપ્રત કર્યું. આ કવરમાં આગામી થોડા મહિનાઓ માટેનો, ઝાર્ગોની જાસુસી જાળનો સંપુર્ણ ખર્ચ હતો.

શરૂઆતમાં મોસ્કો સાથેનો રિચાર્ડ ઝાર્ગોનો સંપર્ક આવા થોડા મુલાકાતીઓ મારફત જ હતો. ઝાર્ગોએ જાપાનમાં ફરી રશિયા એલચી કચેરીનો સંપર્ક સાધ્યો ન હતો કે કોઇ જાપાની સામ્યવાદીને પોતાની નજીક ફરકવા દીધો ન હતો.

સુચના અપાઇ કે એક બ્રિગ-
ડીયર મુલાકાતે આવે છે, રાત્રે પ્રેક્ટીસ એલાર્મ વગાડ-વામાં આવશે, જેથી બ્રિગેડિયરને આપણે કેટલીવારમાં તૈયાર થઇ જઇએ છીએ, એ બતાવી શકીએ.

રાત્રે બધા તૈયાર થઇ સુઇ ગયા રાત્રે એક વાગે વ્હીસલ વાગી, સૈનીકો ઉભા થઇ મોરચા તરફ જવા લાગ્યા, ત્યાં પ્લેટુનના વડાએ કહ્યું, 'આ પ્રેક્ટીસ નથી, દોડવાની જરૂર નથી, ચિનાઓએ સાચો હુમલો કર્યો છે!'

જર્મન સરમુખત્યાર એડોલ્ફ હિટલરના જાગૃત પક્ષ 'નાઝી'ના કુશળ સંચાલકો અને જેની હાક ભલભલાને ધ્રુજાવતી હતી તે જર્મન જાસુસ સંસ્થા 'ગેસ્ટાપો'ના શકરા જેવા જાસુસોની આંખમાં ધુળ નાખી રિચાર્ડ ઝાર્ગેએ નાઝી પક્ષનું સભ્ય પદ મળી જાય તેવી તજવીજ પાકી કરી અને ત્યાર પછી જાપાન જવા તે અમેરીકા અને કેનેડા તરફ રવાના થયો અમેરીકામાં અને કેનેડામાં રિચાર્ડ ઝાર્ગે કેટલાક રશિયન એજન્ટોને મળ્યો અમેરીકામાં જર્મન જાસુસોની અંધારામાં રાખી તેણે પોતાની તૈયારી પુરી કરી અને પછી તે જાપાન જવા રવાના થયો.

૧૯૩૩ના સપ્ટેંબરની ઠંડીએ હેર ડોકટર રિચાર્ડ ઝાર્ગે યાકોહામા ખાતે ઉતર્યો ત્યારે બંદરી પોલીસને આ જર્મન પત્રકાર શંકાથી પર લાગ્યો જાપાનીઓને ત્યારે ખબર ન હતી કે આ પ્રતિભાળી સરળ મમતાવડો માનવી ઇતિહાસનો સૌથી સફળ જાસુસ હતો.

રિચાર્ડ ઝાર્ગે ટોકિયોની જર્મન એલચી કચેરીનો સૌથી વધુ માનીતો અને સૌથી વધુ આવકાર પામતો જર્મન મહેમાન બની ગયો જર્મન કલબો અને સોસાયટી વર્તુળોમાં હેરડો-ઝાર્ગેનો આનંદી સ્વભાવ ઉડુ-ઝાન, અનૌપચારીક વલણ આવ-કાર્ય

થઇ હતી. તેણે તુરતજ પોતાના પતિ લેફ. ક. ઓટને બોલાવી ઝાર્ગેની ઓળખ આપી. યુજીન-ઓટ ત્યારે નાગોયા ખાતે જાપાનની એક લશ્કરી આર્ટીલરી રેજી. સાથે હતા.

યુજીમ બર્લીનમાં સારા સંપર્કો ધરાવતો હતો. તેને નાઝી પક્ષ તરફ નફરત હતી નાઝી પક્ષ જે સાફસુફીના પગલાં લેતા હતા તેમાં યુજીન ઓટ પણ સાફ થઇ જવાની બીક

લાગી, જોતજોતામાં તો રિચાર્ડ ઝાર્ગે યુજીન ઓટનો અંગત સલાહકાર, વિશ્વાસપાત્ર અંગત મિત્ર બની ગયો.

મોસ્કોએ જાસુસી જાળ પાથરવા માટે ઝાર્ગેને બે વર્ષનો સમય આપ્યો હતો. આ સમય દરમ્યાન તેણે મિત્ર વર્તુળ વધારવાનું હતું પરંતુ કોઇ માહિતિ મેળવવાની કે મોકલવાની ન હતી

જગતભરમાં પથરાયેલા



# મોસ્કો 'કોરી
# પ્રગતિનો હે

# જ્યારે આસ્માની સુલતાની

દક્ષિણ અમેરીકાના દેશો લેટિન અમેરીકા તરીકે ઓળખાય છે. લેટિન અમેરીકાના રાજ્યો જગતના કોઇપણ વિસ્તાર કરતાં વધુમાં વધુ અસ્થિર અને અનિશ્ચીત છે. છેલ્લા લગભગ દાયકા દેઢ દાયકાથી ત્યાં દરેક રાજ્યોમાં સતત ક્રાંતિઓ થતી જ રહે છે,



## હું સાચી

નાની બહેન મોટી બહેનને ત્યાં સાતમ આઠમ પર આવી હતી. તેની હાજરીમાં જ પતિ પત્નિ વચ્ચે ચર્ચા જામી ચર્ચાની ઉગ્રતા જોઇ નાની બહેન બહાર ચાલી ગઇ.

અર્ધા કલાક પાછિ નાની બહેન આવી, તેણે પુછ્યું તમારી ચર્ચામાં કોણ જીત્યું?

'કોઇ જીતતું નથી,' બહેને સમજણ આપી, જો આખરે આવી ચર્ચામાં ગણીત જેવા ચોક્કસ જવાબ હોતા નથિ. બનેવી મારા જેટલાજ સાચા હોઇ શકે છે. અગર મારી પણ પણ તેમના જેટલીજ ભુલ હોઇ શકે છે.

કેટલીક ક્રાંતિ લોહિયાળ હોય છે. તો કેટલીક રકતવિહિન-માત્ર બળની ધમકીથિજ થઇ જતી હોય છે.

લેટીન અમેરીકામાં નિકારગ્વા નામના દેશમાં-૧૯૦૭ માં એક લશ્કરી બળવો જાગ્યો. જનરલ પાઇલો કેસ્ટીલીયાનોની સબળ સરદારી નીચે બળવાખોર વિજયી બની રહ્યા હતા. પેઇલો કેસ્ટીલીયનો સારી તાલિમ પામી, કેટલાયે યુધ્ધોમાં સફળ નીવડેલો કાબેલ લશ્કરી અધિકારી હતો. તેણે હોંશિયારી અને સીફતથી નાણાં મેળવવા અને નિકારાગ્વાના શસ્ત્રાગારો કબ્જે કર્યા.


સત્તા પરના જુથના સૈન્યને સામસામી લડાઇમાં તેણે ઉપરાઉપર બે વખત પરાસ્તકર્યાં હતા. સરકારી સૈનીકો સૈન્ય છોડી નાસભાગ કરતા હતા, અને છેલ્લા જંગમાં કેસ્ટીલીયનો જીતે તો સત્તા પરના જુથનું સૈન્ય સંપુર્ણપણે તેના શરણે આવે તેવી બાજી ગોઠવાઇ ગઇ હતી.

તેણે છેલ્લો જંગ જીતવાનો હતો સરકારી સૈન્યની છાવણી સામે ઉંચિ ટેકરી પર પેઇલો કેસ્ટીલીયનોએ પોતાનું સૈન્ય વ્યુહાત્મક રીતે ગોઠવ્યું ઉંચિ ટેકરીઓ પર બળવા

## જ્યારે અ
## નિશ્ચીત
## વિજયમાં

ઈતિહાસના પૃષ્ઠો પરને

ખોરો મોટી સંખ્યામાં ગોઠવ
ગયા સવારે બળવા
તોપ મારાનો ઉગ્ર મારો
ઉગ્ર પ્રહાર કરી
પ્રહાર કરવાના
પોતાના વ્યુહાત્મક રીતે
ટીકસ બધુ ગોઠવી જનરલ કે
લીયનો પોતાના તંબુ તરફ
તેના હાથ નીચેના અધિકારી
પણ નિશ્ચિત વિજય અને
અરોહરણની ખાત્રી સાથે પોતા
તંબુ તરફ આરામ કરવા ગ
પોતાના તંબુમાં જઇ સે
પતિ કેસ્ટેલીયનોએ
દિવસના બનાવોની પોત
ડાયરીમાં નોંધ કરી રાત્રે
વાગ્યે પોતાનું લખાણ પુરૂં
ને તે પોતાની પથારીમાં
સેનાપતિ પથારીમાં લેટ
હજી તો થોડિક મિનીટો
ના ત્યાં તો રાત્રીના
અંધકારને ચિરતો પ્રકાશનો
ઝબકારતો લીસોટો આસ્માન



એમને બોલતાં અટકાવવાનો આ એક જ ઉપાય છે. ફોટામાં પતિને જોતાં વેંત જ તેઓ ચુપ થઇ જશે !



અને...એ બંધ તો આટલામાં જ ક્યાંક હતો...હવે, રીપેરીંગ કામ ક્યાંથી શરૂ કરવું તે નક્કી કરવાનું છે...

# કેશુડાં

## એમાં શું થયું ?

'સાહેબ,' દરવાને કચેરીમાં આવી ફરિયાદ કરી, ડ્રાઇવર બાબુ હમણાં ગેટમાંથી ગયો'

'એમાં ફરિયાદ કરવા શું આવ્યો ?' સાહેબે રોષથી કહ્યું, 'મેં જ એને જવાનું કહ્યું હતું.'

'પણ સાહેબ, ગેટ બંધ હતો તોય એ હંકારી ગયો !' દરવાને ખુલાસો કર્યો.

## આજે ઉભો નહિ રહું

'હોલ્ટ, હુકમસે કોન હૈ?' રાત્રે રોન પર નીકળેલા પોલીસે હુકમ કર્યું.

આવનાર વ્યક્તિએ ઉભા રહ્યા વગર કહ્યું, 'કાલે રાત્રે ઘરફોડી કરી મેં લીધેલ કીંમતી સામાન પડાવી લીધા પછી આજે ઉભો રહીશ એમ માનો છે ?

## દોડવાની જરૂર નથી!

એક સાંજે નેફા વિસ્તારમાં એક લશ્કરી થાણા પર એવી

કાર પાત્ર બની ગયા.

ટોકિયોમાં સ્થિર થયા પછી ઝાર્ગોએ જાપાન, જાપાનના લોકોની રીત રસમો, તેમના માનસ વગેરે બાબતો સમજવા માટે ઉંડો અભ્યાસ શરૂ કરી દીધો. ભાષાવીદ ઝાર્ગોએ જાપાની ભાષા પણ શીખી લીધી, અને તેણે જાપાનનો ઇતિહાસ, જાપાનનું અર્થકારણ, સંસ્કૃતિ, રાજકારણ વગેરે વિષે ઉંડો અભ્યાસ કર્યો. "ફ્રેંકફર્ટર ઝીટુંગ" માં પ્રસિધ્ધ થતા જાપાન વિષેના હેર ડૉ. ઝાર્ગોના લેખો, મંતવ્યો જર્મન એલચી કચેરીમાં રસ જગાવી ગયા. હેર ડોકટર માટે એલચી કચેરીમાં માન પણ વધવા લાગ્યું.

જર્મન એલચી કચેરીમાં યોજાયેલ એક સમારંભમાં એક જર્મન પત્રકારે રિચાર્ડ ઝાર્ગોની એક જર્મન રૂપસુંદરી સાથે ઓળખ કરાવી. એ યુવતી હતી

# ઝાર્ગોની જાસુસી જાળ

# કોમીન્ટર્નના જાસુસ

જશે એ ભયે 'વ્હેમાર' ભુમિદળના વડેરાઓએ યુજીન ઓટને ૧૯૩૩માં જ જાપાન ખાતે મોકલી આપ્યો હતો.

યુજીન ઓટ જર્મની વિષે જે જાણતો હોય તે, પરંતુ જાપાન વિષે તેનું જ્ઞાન નહિવત જ હતું. આ સ્થિતિમાં રિચાર્ડ ઝાર્ગો જેવા જાપાન વિષેના જાણકાર, અભ્યાસી રિચાર્ડ સાથે સંપર્ક થતાં ઓટને બહુ આનંદ થયો. જાપાનના આંતરીક રાજકારણ વિષેનીરિચાર્ડ ઝાર્ગોની સુઝ યુજીન ઓટને જાપાનના બનાવોનું અર્થઘટન કરવામાં ઉપયોગી થવા લાગી.

થોડા સમય પછી ઓટની

કોમીન્ટર્ન–આંતરરાષ્ટ્રિય સામ્યવાદ માટેની સંસ્થા ના જાસુસોમાં

લેખકઃ– હસમુખરા

પસંદગી થવા લાગી અને જગત ભરમાં કોમીન્ટર્નના જાસુસો



# ઝાર્ગોને મોસ્કોએ એક જાપાની મદદનીશ આપ્યો

મદદનીશ જર્મન લશ્કરી એટેચી લેફ. કર્નલ યુજીન ઓટની પત્ની એ યુવતિ ઝાર્ગોના લેખોથી પ્રભાવિત

બદલી ટોકિયો ખાતે થઇ રિચાર્ડ ઝાર્ગો અને ઓટની મૈત્રી વધી, બંને વચ્ચે મુલાકાતો વધવા



...પુસ્તકના સુધારાની પ્રતમાંની ભુલો સુધારવા આ અલગ ...કો છાપવા પડયા છે...અને એમાંની...ભુલો માટે...



જો! આ ફોટામાં બધા વચ્ચે માત્ર જે વાળ જ દેખાય છે... તે હું છું!

# ... માટે જગતમાંથી ...ો રવાના કરાયા

... દેશમાંથી બીજા દેશમાં ... લાગ્યા.

...જુ. રાવલ

પ્રારંભમાં રિચાર્ડ ઝાર્ગેને ... ત્રણજ મદદનીશો અપાયા.



પહેલો હતો 'બર્નહાર્ટ' નામનો જર્મન. મોસ્કો રેડીયો સ્કુલનો તે ગ્રેજ્યુએટ હતો. તને ટોકિયોમા ગુપ્ત વાયરલેસ સેટ ઉભો કરી તેનો ઉપયોગ કરી મોસ્કોએ સુચવેલા કેન્દ્રો સાથે સંપર્ક રાખવાનો હતો.

આ પછી આવ્યો બ્રાન્કો ડી વુકેલીર નામનો યુગોસ્લાવીયન કે જે એક ફ્રેંચ સામયીકનો ફોટોગ્રાફર પ્રતિનિધિ હતો.

ઝાર્ગેએ એક જાપાની મદદનીશ માટે માગણી કરી હતી માટે તેને ત્રંજા મદદનીશ અપાયો એક જાપાની જેનું નામ હતું મિયાગી મોરોકુ. મિયાગિ ૧૬ વર્ષની ઉમરે અમેરીકા ગયો હતો

જવાબમાં તેણે સીગ્નલરૂપ જાપાનિ 'કોડવર્ડ' સંકેતનો નિર્દેશ કર્યો.

આ પછી જવાબ મળતાં મિયાગી વુકેલીસને મળ્યો વળી એક હોટલમાં બંનેની મુલાકાત ગોઠવાઇ. મળેલી સુચના અનુસાર મિયાગીએ ગજવામાંથી એક ડોલરની નોટ કાઢી. વુકેલીસે પોતાના ખીસ્સામાંથી એક ડોલરની નોટ કાઢતાં કહયું. 'જુવો તો તમારી નોટનો નંબર શો છે ?'

મિયાગીએ નંબર આપ્યો, વુકેલીસની નોટના નંબર પહેલાંનો જ એ નંબર હતો.

ઓળખ સાબિત થઇ જતાં મિયાગીને વુકેલીસે ઝાર્ગો પાસે રજુ કર્યો.

ટોકિયોમાં ઝાર્ગો પહોંચ્યો તે પછી ચોથા મહિનામાં મોસ્કોથી પહેલો 'કોરીયર' આવીપહોંચ્યો. અગાઉ મળેલી સુચનાઓ અનુસાર ઝાર્ગો ઇમ્પીરીયલ હોટલમાં—

## જાસુસોના મિલન માટે જાતજાતની તરકીબો!

અને ત્યાં તે અમેરીકન સામ્યવાદી પક્ષમાં જોડાયો હતો. કેલીફોર્નીયામાં રહેતા ચિત્રકાર મિયાગીને

નિયત સમયે, નિયત દિવસે પહોંચ્યો. ટેબલ પર બેસી તેણે એક 'ઇંગ્લીશ ચા' અને 'ટ્રેન્ચુ-

## છાંટણા

અમલદારશાહી એવું રાક્ષસી યંત્ર છે જેનું સંચાલન વામણાઓ કરે છે.

—એક વ્યાખ્યા

માનવ જાત આજે એટલા ગુન્હા કરે છે કે એક લાખ વર્ષ પછી પૃથ્વી પર જે જીવો હશે તે માનવીના વંશજ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરશે.

—એક તત્વવેતા

★

આવતી કાલે દેખાડવા ધારેલી દયાની આજે કોઇ કિંમત છે નહિ.

★

શાંત માનવી જ્યારે અશાંત બને ત્યારે તેના ગુસ્સાથી છેટા રહેવું સારું.

★

આજની સંસ્કૃતિના માર્ગ પર કરવેરા ભર્યાની પહોંચો જ વેરાયેલી છે.

★

યુધ્ધની કમનસીબી એ છે કે માનવીની શ્રેષ્ઠ શક્તિનો ઉપયોગ ... માનવીના ... યુધ્ધમાં



બન્નીને સિંદુર જો નહીં દો તમારી સેંથી વિશે સમાવા
સ્વરૂપ તલનું ધરી તમારા શરીરદનમાં સમાઇ જશું
( મોહન ફિલ્મ્સના " દિલને પુકારા "માં સંજય ને રાજશ્રી )

# લગ્ન એટલે સર્ટીફીકેટ!

"જે છોકરીઓ સમાજ શું કહેશે કે બોલશે એની પરવા કરતી હોય છે એ ઘેટા જેવી છે અને સમાજ એમનો ભરવાડ છે.

## જુલી ક્રિસ્ટી લગ્ન
## પ્રેમી ડોન સાથે લગ્ન

તેથી જ આજકાલ માનસિક રોગથી પીડાતા રોગીઓની સંખ્યા વધી રહી છે. કારણ કે તેઓને પોતાના સુખ કરતાં બીજા શું કહેશે એની ચિંતા વધુ હોય છે.

આ છે ચિત્ર જગતમાં પ્રવેશતાં જ ઓસ્કારનું સર્વશ્રેષ્ઠ

## મને એ વાત બહુ ય

"મને એ ઘટના યાદ આવતાં આજે પણ મારાં રૂવાટાં ઉભાં થઇ જાય છે."

"આજથી કેટલાક વર્ષ પહેલાં

તા. ૨૪-૯-૯૭

# શું? એક સહી સિક્કાવાળું અમુક વિધિ અને એક વીંટી !

ાન પ્રાપ્ત કરનાર જુલી
ાનો જીવન વિષેનો દ્રષ્ટિ-

જુલીએ પોતાનો આ મન-

## ર્યા વિનાજ તેના જીવન માણે છે

તેમ સ્વચ્છંદી વર્તાવનો દ્રષ્ટિ
પોતાની જીંદગીમાં સર્વક્ષેત્રે
ી બતાવ્યો છે.
પોતાનાં ચિત્રો દ્વારા મઅ-

ફ્લેટમાં રહે છે.

તેના આ ફ્લેટનાં બારણાં એના મિત્રો માટે રાત દિવસ ખુલ્લાં જ રહે છે અને તેના સ્ત્રી અને પુરૂષ મિત્રો મન ફાવે ત્યારે ત્યાં આવીને મોજ ઉડાવે છે.

કેટલાક લોકો એવી ધારણા બાંધી બેઠા છે કે ત્યાં એ બધા જુવાનિયા ભેગાં મળીને સ્વચ્છંદી અને બીભત્સ વર્તન આચરે છે. પણ જુલી એવા સંકુચિત અને

નથિ પ્રેમ અને જાતીય સંબંધની જરૂરિયાત એ જરાય સંકોચ વિના સ્વીકારે છે પણ લગ્નના બંધનમા સપડાવાનું એને પસંદ જરાય નથી.

એ કહે છે, "લગ્નની જરૂર પણ શી છે? હું તો મારા પ્રેમી સાથે લગ્ન વિનાયે પરીણીત જીવન જીવવા તૈયાર છું. લગ્ન એટલે શું? એક સહી સિક્કાવાળું રજીસ્ટ્રેશનનું સર્ટીફીકેટ, અમુક વિધિ અને વીંટી! એ સિવાય

# ી રંગત

નાણું મેળવ્યા હોવા છતાં
ંડનના કેસીંગ્ટન જેવા
ં લતામાં અઠવાડિયાના
વીસ ડોલરના ભાડુતી

શંકશીલ મનોવૃતિવાળો માણસોની ટીકા કરતાં કહે છે કે 'અત્યારના જમાનામાં માણસો બસ એવું જ માનત થઇ ગયા છે કે એક જ ઓરડામાં સાથે રહેતા સ્ત્રી પુરુષો શરીર સંબંધ બાંધવા સિવાય બીજું કશું કરે જ નહીં!

પરંતુ અમે તો બીજી અનેક રીતે મોજ કરીએ છીએ. મજાક મશ્કરીમાં સમય ગાળીએ છીએ. દોસ્તો સાથે દુરના મજાના સ્થળે ઉજાણી ગોઠવીને આલ્હાદક વાતાવરણમાં સમય પસાર કરીએ

બીજું શું? બાકીનો સંબંધ તો લાગણીનો છે!

એનાં કરતાં કશા જ બંધનો વિનાનું મૈત્રિભર્યું પ્રેમથી સભર મુક્ત જીવન શું ખોટું ?"

અને સાચે જ જુલી પોતાના પરમ મિત્ર અને પ્રિયતમ ડોન બેસન્ટ સાથેનાં સંબંધો આ જ ભુમિકા પર નભાવે છે.

જુલી કહે છે, 'હું ડોનની સાથે જ રહું છું એને ચાહું છું. એની નિશાની રૂપે એની વીંટી પહેરૂં છું. એની સાથેના

## સમાજ શું કહેશે તેની પરવા કરતી

## ૈદ આવે છે

મારા એક ચિત્રના શુટિંગમાં
ત હતી નજદીકના બીજા સેટ
ર પણ કોઇ ચિત્રનું શુટિંગ
રહયું હતું -રાત્રિનો સમય
ા – મારી મા થાકીને ખુરશી
ઉંઘી ગઇ હતી. મેં એક

## અવનવું

નુતન તેનું પ્રથમ ચિત્ર– "નગીના" જોઇ શકી ન હતી. કારણ? કારણ કે તે ચિત્ર પુખ્ત વયના માટે જ હતું જ્યારે નુતન હજી પુખ્ત વયની થઇ ન હતી!

★

બલરાજ સહાનીને એક વાર પોલીસ પહેરા હેઠળ કેદીની અવસ્થામાં શુટીંગમાં ભાગ લેવો પડેલો. તેઓ સ્વતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેતાં ૭ મહીનાની જેલ ભોગવતા હતા ત્યારે 'હલચલ' ચિત્રના નિર્માણ વખતે આમ બનેલું.

★

ખ્યાતનામ સંગીતકાર બેલડી કલ્યાણજી–આણંદજી માને છે કે ગીતને સંપુર્ણ બનાવવા માટે ગાયક કે ગાયીકા ગીતના કેન્દ્રવર્તી વિચાર અને ગીતના વાતાવરણને અનુરૂપ માનસીક સ્થિતિમાં હોવા જોઇએ.

તાજેતરમાં તેમના એક ગીતના રેકોર્ડીંગ સમયે તેના કંઠ જેવા જ મધુર સ્વભાવવાળ લતા મંગેશકર-બહુજ ઉદાસ અને ગંભીર મુડમાં હતી જ્યારે મુકેશ સાથેતેને જેગીત ગાવાનું હતુ તે હતું હળવું અને પ્રેમની મીઠાશથી ભરપુર।

લતાને મુડમાં લાવવા માટે આ સંગીતકાર બેલડીએ ગીતનું રેકોર્ડીંગ મુલ્તવી રાખ્યું અને પોતે જેમને માટે સારાયે ચિત્ર જગતમાં પ્રખ્યાત છે તે ટુચકાબાજી શરૂ કરી તેમાં ભારતના દોડવીર મિલ્ખાસિંગ વિષે એક ટુચકો લગાવ્યો.

કલ્યાણજીભાઇએ કહ્યું "મિલ્ખાસિંગને ત્યાં એકવાર રાત્રે ચોર આવ્યા. મિલ્ખાએ તેમને પડકાર ફેંકયો ને પાછળ દોડયા!"

"પછી? મિલ્ખાસિંગ જેવા દોડવીરે એમને જરૂર પકડી જ

# તે માતા કેવા પ્રકારની છે"? રાજેશ ખન્નાએ પૂછયું!

ભારતીય ચિત્રજગતના નિર્માતાઓએ રૂપેરી પડદા માટે નવા ચહેરાઓ અને નવી પ્રતિભાઓ શોધી કાઢવા માટે એક હરિફાઈ યોજી હતી. દેશને ખુણે ખુણેથી પચાસ હજારથીયે વધુ યુવક યુવતિઓએ રૂપેરી આભમાં તારા બનીને ચમકવાની પોતાની અભિલાષા પુર્ણ કરવા આ હરિફાઈમાં ભાગ લીધો હતો.

ચિત્ર ઉદ્યોગના બાર આગેવાન નિર્માતા દિગ્દર્શકોની એક સમિતિ આ બધા યુવક યુવતિઓનાં હીર પારખવા મળી હતી.

આ સમિતિની સામે પુરા પાંચ ફુટ નવ ઇંચની લંબાઇ ધરાવતો એક પ્રતિભાશાળી ફુટડો જુવાન ઉભો હતો.

સમિતિએ એ યુવાનને સંવાદોની એક સ્ક્રીપ્ટ આપીને એ સંવાદો રજુ કરવા કહ્યું, એક પ્રગતિશીલ માનસવાળો યુવાન એક બદનામ યુવતિના પ્રેમમાં છે એ યુવાન એ પ્રિયતમાને પરણીને જીવનસાથી બનાવવા ઇચ્છે છે. પણ તેની માતા બદનામ યુવતિને ઘરની વહુ તરીકે સ્વીકારવા તૈયાર નથી. યુવાન પોતાની માને સમજાવે છે. સંવાદ દ્વારા આ સમજાવટ રજુ કરવાનું એ યુવાનને કહેવામાં આવ્યું.

એ યુવાને સંવાદનો કાગળ હાથમાં લીધો. ધ્યાન પુર્વક વાંચ્યો. પરિક્ષક સમિતિના સભ્યે એ અંગે જે કહ્યું તે પણ નમ્રતા પુર્વક ધ્યાનથી સાંભળ્યું અને પછી પુછ્યું; "સાહેબ, આ સંવાદ જેને ઉદ્દેશીને બોલાય છે. એ માતા ક્યા પ્રકારની છે"?

સમિતિના સભ્યોએ આશ્ચર્યથી પુછ્યું; "કેમ ભાઇ? માતા કેવા પ્રકારની છે એટલે? માતા ગમે તેવી હોય તેમાં તારે બોલવાના સંવાદને શું લાગે વળગે?"

"અરે સાહેબ! જે માતાને ઉદ્દેશીને આ સંવાદ બોલવાના છે એના વ્યકિતત્વ ઉપર તો આ સંવાદની રજુઆતનો આધાર છે સામ લલિતાપવાર જેવી માતા હોય તો આ સંવાદ બોલતા યુવાનનો અવાજ ઉંચો અને જરા તોછડાઇ ભર્યો હોય,

પરંતુ લીલા ચીટનીસ જેવી માતાને ઉદ્દેશીને એ સંવાદ બોલતા હોય તો અવાજ ધીમો

## રાજેશ ખન્ના

નમ્ર અને સમજાવટનો હોવો જોઇએ. કેમ સાચી વાત છે ને? પેલા યુવાને કહ્યું.

એક ઉગતા કલાકારમાં સંવાદની યોગ્ય રજુઆત માટે લક્ષમાં લેવી ઘટતી આવશ્યક બાબતોની આવી ઉંડી સુઝ અને પહેલીજ મુલાકાતમાં જરાયે અચકાયા કે ગભરાયા વિના સામી રજુઆત કરવાની હિંમત જોઇને સૌ ખુશ થયા. રૂપેરી આભમાં ચમકવાનુ મળે તો આ તારલો પોતાનો આગવો પ્રકાશ ફેલાવી શકે એવી તેમને ખાત્રી થ...

આ યુવાન હતો રાજેશ ખન્ના તેના આ ઇન્ટરવ્યુથી પ્રભાવિત થયેલા આગેવાન નિર્માતા જી. પી. સીપ્પીએ પોતાના ઇસ્ટમેનકલર ચિત્ર "રાઝ"ની મુખ્ય ભુમિકા માટે તેના પર પસંદગી ઉતારી તે પછી એવાજ બીજા આગેવાનનિર્માતા–દિગ્દર્શક નાસીર હુસેને "બહારોકે સપને" માટે આશા પારેખ જેવી રૂપેરી આલમની મોખરની રૂપ તારીકા સામે મુખ્ય ભુમિકા માટે તેને પસંદ કર્યો.

એ પછી ચેતન આનંદે "આખરી ખત"માં અને મનોજ કુમારે પોતાના મહત્વાકાંક્ષી ચિત્ર "ઉપકાર"માં તેને મહત્વની ભુમિકા આપી. એ પછી તો બીજા કેટલાય આગેવાન નિર્માતાઓએ દિગ્દર્શકોએ પોતાના મોટા ચિત્રોની મુખ્ય ભુમિકા માટે કરાર બદ્ધ કરેલ છે. ચિત્ર જગતમાં હજી તો પગ મુકતા એક ઉગતા કલાકાર માટે આ કંઇ જેવી તેવી સિધ્ધી ન ગણાય.

૧૯૪૧ ડિસેમ્બરની ૨૯મી તારીખે અમૃતસર મુકામે જન્મેલ આ પંજાબી યુવાન મુંબઇ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ છે. માનસ શાસ્ત્રના વિષય સાથે ગ્રેજ્યુએટ થનાર, રાજેશ માણસ તેના રહેણીકરણીના નિરિક્ષણમાં ખાસ રસ ધરાવે છે.

રાજેશ સફળતા માટે સખત પરિશ્રમ કરવામાં માને છે અને ખોટી નાજુકતા અને વેવલાવેડાનો તેનામા સંપુર્ણ અભાવ છે. ચેતન આનંદના "આખરી ખત"ના બહારી દ્રશ્યોના શુટીંગ સમયે તેનો એક પગ મચકોડાઇ ગયો. સોજો ચડવા લાગ્યો. પણ દિગ્દર્શકનો સમય કે પૈસો બરબાદ ન થાય એટલા માટે પગ ઉપર પાટો બાંધીને પીડાને જરાયે ગણકાર્યા વિના તેણે સતત પંદર દિવસ શુટીંગમાં કામ કર્યે રાખ્યું, ઠેઠ મુંબઇ આવ્યા પછી તેણે આરામ લીધેલો!

આપણે આશા રાખીએ! આગવી અભિનય પ્રતિભા અને ઉંડી સુઝ ધરાવતો આ નવોદિત કલાકાર ખુબ આગળ વધે અને સિધ્ધિના શિખર સર કરી રહે.



(કો ઓપરેટીવ પિકચર્સ'ના રંગીન ચિત્ર "દો દુશ્મન" માં સુજીત અને મુમતાઝ)

... માટે મેકઅપ રૂમના રસ્તા લીધો હજુ તો મેં મુશ્કેલીથી અડધો જ મેકઅપ કર્યો હતો ને એકાએક લાઈટ એફ થઈ ગઇ બલ્બ બુઝાઇ ગયો અને રૂમમાં અંધાર ફેલાઈ ગયું. અંધારામાં હું આમ પણ ખુબ જ ડરું છું એક વિચિત્ર જાતનો ભય મારી ઉપર સવાર થઇ ગયો. હું બહાર નીકળીને કારણ જાણવાનું વિચારી રહી હતીને એકાએક દરવાજો ઉઘડયો અને એક વિચિત્ર ભયાનક ઓળો મારી નજરે પડયો. જેને જોઇને મારા મુખમાંથી ચીસ નીકળી ગઇ એની મોટી મોટી લાલ લાલ અંગારા જેવી આંખો અને સફેદ મોટા મોટા બહાર દેખાતા દાંત હતા અને ભયાનક નજરે મને જોઇ રહયો હતો. ભયને કારણે મારો શ્વાસ રૂંધાવા માંડયો એ ભયાનક આકૃતિએ બિહામણા 'હું' અવાજે મને કહયું...

એ આજે તને કચડીને કાચી ખાઇ જઇશ" હું એ સાંભળીને ડરી ગઇ. પુનઃ બોલ્યો, 'આજથી પંદર વર્ષ પહેલાં આજ મેકઅપ રૂમમાં મારી હત્યા કરવામાં આવી હતી. –હું ભુત છું–આ હાં...હાં...હાં..."

એણે એક મોટું બગાસું ખાધું અને મારી તરફ હાથ લંબાવ્યા. એની જાડી જાડી બરછટ આંગળીઓના લાલ લાલ મોટા મોટા નખ જ્યારે મારા ચહેરા તરફ આગળ વધ્યા ત્યારે મારું દિલ જોરજોરથી ધડકવા લાગ્યું અને હું લગભગ બેહોશ બનવાની અણી પર જ હતી ને અચાનક લાઇટ પાછી આવી ગઇ અને ભુતે એક જોરદાર રહસ્યભર્યો પોકાર કર્યો.

"ડરી ગઈ ને?"

અને પછી એણે પોતાનો મેકઅપ ઉતારી નાખ્યો મારી સામે મહેમુદ ઉભો ઉભો હસી રહયો હતો. મશહુર અને પ્રસિધ્ધ કોમેડિયન મહેમુદ હું એની સામે ખુબજ શરમાઇ ગઇ

— સાધના

## છોકરાઓને કિસ્ટા ઘટી જવા કહું છું !

છીએ.'

અલબત્ત નૈતિમતાના બંધનોમાં અને રૂઢિના સંકજામાં જકડાવાનું જુલીને લેશમાત્ર પસંદ નથી. એટલે જ જુલી ડિમ્પલના બંધનો નેવે મુકીને અત્યારના રૂઢિગ્રસ્ત માનસને આંચકો આપે એવા વિચારો નિર્ભયતા પુર્વક રજુ કરે છે અને આચરણમાં પણ મુકે છે.

પ્રેમ, જાતીય સંબંધો અને લગ્ન અંગેના પોતાના ખુબ આગવા અને આધુનિક વિચારો ઉઘાડે છોગે અને નિખાલસ દીલે રજુ કરતાં એ જરાયે અચકાતી મારા સંબંધો બીજા પરણેલાં દંપતી જેવા જ છે. પણ પરણેલા દંપતીને જે સ્વતંત્રતા નથી હોતી તે હું અનુભવું છું.'

'ડાર્લિંગ'ની એની ભુમિકા માટે એનાયત થયેલ ઓસ્કાર એવોર્ડ સ્વીકારના સમારંભમાં ડોનનો હાથ ઝાલીને તે હાજર થયેલી એ દેખાડવા કે ડોન સાથેના એના સબંધો બીજા પરીણિત યુગલો વચ્ચે હોય એટલા ઘનિષ્ટ છે અને પરણ્યા ન હોવા છતાં એ પોતાના મનના મિત્ર સાથે આદર્શ દાંપત્ય જીવન ગુજારી રહી છે.

...વડવા હશે !" કોએ ...થી પુછ્યું.

"અરે ! મિલ્ખાસિંગ તો રહયા દોડવીર ! એવા દોડયા કે ચોર રહી ગયા એ માઇલ પાછળ!'

આ ટુચકાએ લતાને ખુબ હસાવી અને તે ગીતને અનુરૂપ મુડમાં આવી ગઇ !

★

મનોજકુમાર નાનો હતો ત્યારે બહુજ શરમાળ હતો. ત્યારે પણ તેને અભિનયનો ખુબ શોખ હતો અને તેથી આજુબાજુમાં કોઇ છે તો નહીંને અને કોઇ જાતું નથીનેએનીપ ક્રીખાત્રીકરીને તે એક બંધ એ રડમાં પુરાઇને અરીસાની સામે ઉભો રહી, પોતે જોયેલા ચિત્રોમાંથી પોતાના માનીતા અદાકારની નકલ કરતો.



તમે જો શરમાઇ, નહીં સમાઓ કદાપિ આલિંગને અમારા
બળી થશું ખાખ વિરહ દવમાં ને તમ સ્વપનમાં સમાઈ જશું
( કમલ મહેરા નિર્મિત "કિસ્મત"ની રંગીલી જોડી બબીતા અને વિશ્વજીત )